ક્રમાંક:સ્ટેમ્પ/અપીલ/ફા.નં.૪૯/૦૬/૧૨૧૧૪

સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સની કચેરી,
સ્ટેમ્પ અને નોંધણી ભવન,
સેક્ટર-૧૩/સી, "ખ" રોડ,
ગાંધીનગર તા.૧૪/૧૨/૨૦૦૬

પરિપત્ર:-

નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્પે.સી.એ.નં.૧૩૮૯૦/૨૦૦૬ માં તા.૧/૯/૨૦૦૬ ના રોજ આપવામાં આવેલ ચુકાદાની નકલ આ સાથે સામેલ છે.સદર ચુકાદાની વિગતે પક્ષકાર ધ્વારા નામદાર કોર્ટમાં એવી રજુઆત કરવામાં આવેલ કે એપેલેટ અધિકારીશ્રીની કચેરી ધ્વારા ખોટા સરનામે હુકમ રવાના કરવામાં આવેલ તેમજ ત્રાહિત વ્યકિતને (થર્ડ પાર્ટી) હુકમ મળતા અને તે આધારે જાણ થતાં વિલંબ ગ્રાહય રાખવા દાદ માંગેલ છે.

નામદાર હાઈકોર્ટ ધ્વારા ત્રાહિત વ્યકિત (થર્ડ પાર્ટી) ધ્વારા હુકમની બજવણી સંબધમાં સોગંધનામુ રજુ કરવા જણાવવામાં આવતાં ત્રાહિત વ્યકિત (થર્ડ પાર્ટી) પક્ષકારના પિતાજ હતાં પક્ષકાર ધ્વારા નામદાર કોર્ટમાં ખોટી રજુઆત કરવા બદલની વર્તણુંકને ગુનાહિત અપરાધ તરીકેની ગણેલ છે. અને પીટીશન રદ કરી પક્ષકારને રૂા.૧૫૦૦/- નો દંડ કરેલ છે. ઉકત ચુકાદાની વિગતો ધ્યાને લઈ નામદાર કોર્ટમાં આવા સમાન મુદ્દાઓ અંગે રજુ થતી સ્પે.સી.એમાં વિધ્વાન સરકારી વકીલશ્રીને નોટીસ/ હુકમોની બજવણીની વિગતોથી માહિતગાર કરવા અને સરકાર પક્ષે યોગ્ય બચાવની કાર્યવાહી થાય તે જોવા વિનંતી છે.

સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ
ગુજરાત રાજય, ગાંધીનગરવતી

બિડાણ:- ઉપર મુજબ

પ્રતિ,
નાયબ કલેકટરશ્રી (તમામ)
સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્ર.............

નકલ રવાના:- (૧) અધિક સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સશ્રી, ગુ.રા.ગાંધીનગર
(૨) નાયબ નોંધણી સર નિરીક્ષકશ્રી, ગાંધીનગર
(૩) નાયબ મદદનીશ સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સશ્રી(અપીલ), ગાંધીનગર
(૪) તમામ શાખા, વડી કચેરી ગાંધીનગર